15 બોલીએ ના કાંઈ



રાજેન્દ્ર શાહ

(જન્મઃ 28-1-1913, અવસાનઃ 10-1-2010)

રાજેન્દ્ર કેશવલાલ શાહ કપડવંજના વતની હતા. 'ધ્વનિ', 'આંદોલન', 'ઉદ્‌ગીતિ', 'શાંત કોલાહલ', 'મધ્યમા', 'વિષાદનો સાદ', વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. 'મોરપીંછ', 'આંબે આવ્યા મોર' જેવા બાળકાવ્યના સંગ્રહો છે. એમણે કેટલાંક પદ્ય રૂપકો, એકાંકીઓ, વાર્તાઓ અને અનુવાદો પણ આપ્યા છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ માટે તેમને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો હતો. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયેલા હતા.

આ ગીતમાં આપણી વ્યથા એ બીજાને મન રસની કથા હોઈ શકે, એટલે વ્યથાને સહન કરવી અને કોઈને ફરિયાદ ન કરવી એ આ ગીતનો ભાવ સૌંદર્યરાગી રીતે આલેખ્યો છે. માણસો વિનાના મારગ પર આપણે આપણા જ શબ્દો ગાતાં ચાલવાનું છે. કોઈ ગામ આવે, અનેક લોકોને મળીએ છતાં આપણે તો એકલા જ ચાલવાનું છે, ભલેને સરસ તારા મઢી રાત હોય કે રણનો તડકો હોય, આપણી વ્યથાને આપણે જ સહન કરવાની છે. મનમાં ભલે દુઃખોનો અગ્નિ હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની છે. સરળ બાનીમાં લખાયેલું આ ગીત જીવનની એક હકારાત્મક બાજુને રજૂ કરે છે.

બોલીએ ના કાંઈ,

આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રૂંધવું ચૂપ;

નેણ ભરીને જોઈ લે વીરા !

વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !

વનવેરાને મારગ વિજન,

સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન ;

ગામને આરે હોય બહુ જન,

લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?

માનમાં જવું એકલ, વીરા !

તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ !

આપણી વ્યથા,

અવરને મન રસની કથા, ઈતર ના કંઈ તથા.

જીરવી એને જાણીએ, વીરા !

પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !

('શ્રુતિ'માંથી)

શબ્દ-સમૂજતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

વેણ-વચન, બોલ; **વીરા**-ભાઈ (બેન ભાઈને વીરો કહે છે); **નેણ**-નયન, નેત્ર, લોચન; **વા**-વાયુ, પવન; **કૂપ**-કૂવો; **વ્યથા**-શારીરિક તેમજ માનસિક દુઃખ, પીડા; **ઈતર**-બીજું, અન્ય; **તારલિયો અંધાર**-માત્ર તારાનો જ પ્રકાશ ધરાવતો હોય તેવો અંધકાર; **વિજન**-માણસની અવરજવર વિનાનું, વેરાન; **આરે**-છેડે (અહીં)પાદરે; **દારુણ**-ભયાનક, વિકરાળ; **ધૂપ**-તડકો; **અવર**-બીજું; **લખનો મેળો**-લાખો માણસોનો સમૂહ (અહીં)ટોળું

વિરુદ્ધાર્થી શબ્દો

શીતળ×ઉષ્ણ; **જલન**×ઠંડક; **ધૂપ**×છાયા; **અંધારું**×અજવાળું

સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) કવિ શું કરવાનું કહે છે ?

(A) બોલવાની ના પાડે છે (B) બોલવાનું કહે છે

(C) મૂંગા રહેવાની ના પાડે છે (D) બોલવું પણ ધીમે ધીમે

(2) હૃદય ખોલવું એટલે ?

(A) બીજાની વાત સાંભળવી (B) ઓપરેશન કરાવવું

(C) કશુ જ બોલવું નહીં (D) પોતાના દિલની વાત બીજાને કહેવી

2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.

(1) બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે ?

(2) વહેણના પાણીને કોણ ઝીલે છે ?

3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.

(1) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?

4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.

(1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે ?

(2) કાવ્યપંક્તિ સમજાવો - ''પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !''

ભાષા-અભિવ્યક્તિ

- દરેક કવિ ભાવની અભિવ્યક્તિ માટે કાવ્ય સ્વરૂપ, ભાષા, શબ્દો દ્વારા કાવ્યની જે આંતરગૂંથણી કરે છે તેનો પણ અભ્યાસ કરવા જેવો હોય છે.

'બોલીએ ના કાંઈ, આપણું હૃદય ખોલીએ ના કાંઈ' જેવી ગદ્યાંશની છાંટવાળી સાદી પંક્તિઓથી આ કાવ્ય ઊઘડે છે; અને પછી ચૂપ-કૂપ, વિજન-જન, ગાન-તાન, વ્યથા-તથા જેવા પ્રાસસભર શબ્દોથી હલકી-ફૂલકી કાવ્યમાળા ગૂંથાતી જાય છે.

- કવિ આ કાવ્યમાળામાં પ્રશ્નો પણ ગૂંથતા ગયા છે. જુઓ....

  'વહેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !'

  'લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?'

- અહીં પ્રશ્નો સાથે જવાબો પણ વણી લેવાયા જ છે. આ રીતે કાવ્યનો વિકાસ થતો ગયો છે. આ શૈલી કાવ્યમાં વારંવાર યોજાય છે તે અન્ય કાવ્યોમાં પણ પારખો.

- કવિની કમાલ ઓછા અને સરળ શબ્દોથી અમૂલ્ય બોધ આપવામાં છે. જુઓ... કવિ 'છ' જ શબ્દોમાં કેવું સત્ય વર્ણવી જાય છે...

  ''આપણી વ્યથા, અવરને મન, રસની કથા.''

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- જ્ઞાનપીઠ પુરસ્કૃત ગુજરાતી સાહિત્યકારોના ફોટોગ્રાફ સાથે પરિચય આપી ભીંતપત્ર બનાવો.

- રાજેન્દ્ર શાહનાં અન્ય ગીતો વર્ગખંડમાં ગાઈ સંભળાવો.

શિક્ષકની ભૂમિકા

વીરા ! સંબોધનથી લખાયેલું આ કાવ્ય પોતાના દુઃખને બીજાને ન કહેવાની શીખ આપે છે.

આ કાવ્યમાં કવિ સૂની સીમ અને કૂવાનાં ઉદાહરણો આપી તેમની જેમ મૌન રહેવા સૂચવે છે. લાખોના ટોળામાં તમારું રુદન કોણ સાંભળશે ? એ કરતાં ચૂપ રહેવું સારું અને પોતાના પ્રશ્નો પોતાની જાતે જ, પોતાની રીતે ઉકેલવા જણાવે છે તેની સમજણ આપવી.

'તું જ તારો દીવો થાને' (ભોગીલાલ ગાંધી) તેમ જ

'એકલો જાને રે..' (રવીન્દ્રનાથ ટાગોર) જેવાં કાવ્યોના સંદર્ભો આપી કાવ્યના ભાવને પ્રગટ કરવો.

'આપણા દુઃખની વાત બીજાને કહેવાથી તેમને માટે તે રસની વાર્તા બનશે. તેનાથી વિશેષ કાંઈ નહિ' આ વિચાર અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

●